Rs 25/-

BOMBAY STATE 1R 50nP

INDIA

ONE RUPEE भारत FIFTY NAYE PAISE

# દસ્તાવેજ

નં ૨૨૨૪૭ રૂા ૧/-
તા: ૧ [illegible]
ના: ચંદુભાઈ જોઈતારામ
રહે: રાણીપ અમદાવાદ
[illegible]
[illegible]
અમદાવાદ [illegible]
મારફત ચંદુભાઈ જોઈતારામ

આથી હું ચંદુભાઈ જોઈતારામ, જોઈતારામ હરિભાઈનો દીકરો ઉર્ફે મૌન બલોલી રહેવાસી ૧૪૯-બલોલનગર રાણીપ અમદાવાદ ઉંમર વર્ષ ૫૨ જન્મે, મતિજ્ઞાતિએ તેમજ ધર્મે માણસ છું. પટેલ પરમાર કે હિન્દુ મુસલમાન જેવી ટોળાગત ઉપ-ઓળખો માણસ તરીકેની મારી મૂળ ઓળખને ઢાંકી દે છે એ ગૌણ ઓળખોને નિર્મૂળ કરવા હું કૃતનિશ્ચયી છું. ટોળાવાદી વૈમનસ્યો માણસની પ્રચલિત વ્યાખ્યાને ટૂંકાવે છે. પોતાને ભૂખ લાગે છે તેમ બીજાને પણ ભૂખ લાગે છે અને પોતાને ઘર તેમજ સુખ જોઈએ છે તેમ બીજાને પણ જોઈએ છે એ જ્ઞાન માત્ર માણસને જ થઈ શકે છે કારણ કે માણસ પાસે બુદ્ધિની સાથે સાથે સંવેદનશીલતા પણ છે.

આરૂઢ કોમો આરૂઢ માન્યતાઓના આધારે પોતાના નિર્ણયો બાકીનાઓ પર થોપે છે એનાથી દલિતપણું જ પેદા થાય છે. સુસંગઠિત માહિતીસભર નિખાલસ ચર્ચાના નિષ્કર્ષે નીકળેલા નિર્ણયોના પ્રામાણિક અમલ દ્વારા સમાજરચના થાય એ સમાનતાની દિશા છે. હું માણસ હોવાના નાતે મારી સૂઝસમજ સાનભાન સાથે કોઈની ધાકધમકી દબાણ કે શેહશરમમાં આવ્યા વગર કેફી દ્રવ્યની અસર વગર સ્વસ્થ ચિત્તે આ દસ્તાવેજ કરી આપું છું.

લી. મૌન બલોલી
સ.દ. પોતે

જય માણસ

# સાબરમતી પૂછે છે....

ઑગસ્ટ ૧૯૮૬ થી ઑગસ્ટ ૧૯૮૭ દરમિયાન બનેલ મહત્ત્વના સામાજિક રાજકીય બનાવો (મુખ્યત્વે ગુજરાતના સંદર્ભમાં)ના પ્રતિભાવરૂપે રચાયેલ કૃતિઓ સાહિત્ય-સંગ્રહ.

કુલ કૃતિઓ – ૪૫ (કાવ્યો–ગીતો–ગઝલો–વાર્તાઓ સહિત)

કુલ પાનાં – ૭૬

કિંમત – રૂ. ૬/ (ટપાલથી મંગાવનાર માટે રૂ. ૭/)

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :
સંવેદન સાંસ્કૃતિક મંચ
C/o હિરેન ગાંધી, ૯ રૂપેશ સોસાયટી,
વસ્ત્રાપુર સ્ટેશન રોડ, જીવરાજપાર્ક
અમદાવાદ–૩૮૦ ૦૫૧
ફોન : ૪૧૩૮૩૫

'આપણું સાહિત્ય' પ્રકાશન શ્રેણી : પુસ્તક–૨

# દસ્તાવેજ

મૌન બલોલી

સંવેદન સાંસ્કૃતિક મંચ
અમદાવાદ

ક્રમ


| | | |
|---|---|---|
| ૧ | કોક મને | ૧ |
| ૨ | ગૂંગળાતું ઘર | ૨ |
| ૩ | કપરો કાળ | ૪ |
| ૪ | પુલ પરથી | ૫ |
| ૫ | આપણે | ૬ |
| ૬ | ગઝલ | ૭ |
| ૭ | ગઝલ | ૮ |
| ૮ | ગઝલ | ૯ |
| ૯ | ગઝલ | ૧૦ |
| ૧૦ | ગોફણ | ૧૧ |
| ૧૧ | બાંધકામ | ૧૩ |
| ૧૨ | વળગણ | ૧૫ |
| ૧૩ | પ્રતીક્ષા | ૧૮ |
| ૧૪ | ભલેને બંધાયા | ૨૦ |
| ૧૫ | એક બાપનું એકરારનામું | ૨૧ |
| ૧૬ | ઘર અને મકાન | ૨૩ |
| ૧૭ | પૂરાંત અને પરોઠું | ૨૫ |
| ૧૮ | છેલ્લો અવતાર | ૨૭ |
| ૧૯ | બરફની ભીંતો | ૨૯ |
| ૨૦ | વિકાસનો કોમિયો | ૩૧ |
| ૨૧ | લીફ્ટ | ૩૩ |
| ૨૨ | લ્યા નેચું જો ! | ૩૫ |
| ૨૩ | અડધી હોજરીનો સૂર્ય | ૩૬ |
| ૨૪ | તારો ચહેરો | ૩૭ |
| ૨૫ | સમાનતાની દિશા | ૩૮ |
| ૨૬ | એકલપેટા દિકરાનો ખેલ | ૪૧ |
| ૨૭ | ને ફર્યા કરે છે ખંજર અને રેઝર ભૂખ્યા પેટ પર | ૪૪ |
| ૨૮ | ઓળખી લો એ ચહેરો ! | ૪૭ |
| ૨૯ | ખેંચતાણ | ૪૯ |
| ૩૦ | એકવીસમી સદીનો કર્ણ | ૫૨ |
| ૩૧ | આજીવિકા | ૫૮ |
| ૩૨ | નિર્વેદ | ૬૦ |


૧

## કોક મને

કોક મને એકાદ સ્વજન તો આપો,
સાવ સાંકડું ઝરણુ ભલે હું કોક મને તો માપો.
નિજની ઉપરવટ જઈ
કોક કમલ – તરાપો નાંખો;
ભર્યા ભર્યા દરિયાની વચ્ચે
બેટ જેમ ના રાખો !
કડવાશો કે મીઠાશો કે
જેવી તેવી મારી રસતા જરાક અમથી ચાખો.
મારા કાંઠે લીલાં લીલાં શહેર,
ફૂઘિયલ ઠૂંઠાં શાં બિલ્ડિંગો,
રંગે ચંગે અભોટિયા મારા જીવતરને
ચણો લણો કે ચૂંટો લૂંટો—
હજી મને ના મૃગજળ માફક રાખો !
કોક એકાદ કાંકરી નાંખો,
મારી તરંગતાને ચાખો;
યંત્ર – ત્રાડમાં કચરાતો પિલાતો મારો સાદ સાંભળો !
દરિયા છો તો જરા ખળભળો,
‘ તને ચાહું છું…’ માત્ર આટલું સાંભળનારું આપો,
સાવ સાંકડું ઝરણુ ભલે હું કોક મને તો માપો.

૨

## ગૂંગળાતું ઘર

તમસ મૌનનું
ઘંટીના બે હોઠ વચાળે
ઘેરૂં થીજ્યું.

ગમાણિયે બાંધેલ વસૂકચાં ઢોર,
લટકતો ઓસ ભીંતપેર
ઉધઈ કોળતો ન્યાળી,
કરોળિયાના જાળે
કાળજ ગોરીનું કોરાય.

ચૂલામાં આળોટે છે રાખ,
ભીતરે ભડભડ બળતી આગ.
છાજલી ભરે વિહગ કલશોર,
રિક્તતા ટોળે વળતી ઓરડ.

બારીએ બાંધેલ કુંડે
છેતરાઈને પાછાં પંખી
તરસ્યાં ઊડી જાય.
ઢોલિયો પડચો પડચો પીડાય,



હેલનું તરસે ગળું સૂકાય,
વળગણી ચૂંદડી શોધે, વળી
પટારે પાનેતર રુંધાય,
ઉઘાડાં દ્વારે ઘર ગૂંગળાય...

૩

## કપરો કાળ

એક પા ઝાલ્યો હાથ દાદાનો,
દૂજી પા મારી આંગળીએ તો વળગ્યું વ્હાલું બાળ;
ચડવો જાણે દોહ્યલો રહ્યો
ઊતરવો યે કેમ કરીને ઢાળ ?
ઝંઝાવાતે વચમાં પડ્યું ઝાડવું આડું,
સાંકડી નેળે ભાર ભરેલું ખેંચતો ગાડું;
ધરાળને ધક્કેલતો ત્યાં તો ઊલળતો ઊલાળ,
ને વળી ઘોંચ–પરોણા કપરો કરે કાળ.

જાય રે એને 'આવજો' કહે આવનારાને 'આવ',
બારણા વચે હીંચકો બાંધી હીંચતો આદરભાવ,
તજાય ઘડીભર શેં એવાં ઘરની આ પરસાળ
ને વળી જાય ના જોયું માવડીનું કપાળ !



૪

## પુલ પરથી

સંભળાય ક્યાંથી હવે
ઝરણાની ખળખળ ?
પરપોટો થાય પણ
એટલુંય ક્યાં છે જળ !
ડીઝલ ડીઝલ
બસ ડીઝલ ડીઝલ !

૫

## આપણે

આપણી પાસે સાયકલ, મોટર, સબમરીનો, એરોપ્લેનો,
મનને મળી વળગેલા છે બમણા સૂરજ–ઘોડા,
આપણે તો પણ પડતા મોડા,

આપણી પાસે ચંદ્ર ઉપર પગલાં પાડી
જીવતો પાછો ફરેલ આર્મસ્ટ્રોંગ;
આપણી પાસે પગલું એકે પાડીએ ના, ને
કેટલુંયે થા...કયાનો છતાં ઢોંગ;
યુગયુગોથી નાગ્ગાપુગા, દરિયાકાંઠે તો પણ કોરામોરા,
બળતા પગે ચાલીએ જાણે ડંખની બીકે પ્હેરીએ નહિ
આપણે નવા જુત્તા

કાળનાં ગીધો શ્વાસનાં મડાં ઘરના ખૂણે ફોલે,
કોઈ ટકોરા મારતું તો યે કોક ભરાયું એવું
બારણાં નહિ ખોલે
સુગંધને ઓળખીએ કયાંથી રંગના ખીલે આપણે જડયા ડોળા,
કાંઠાની માછલીઓ આપણ
જાણીએ કયાંથી દરિયા હશે કેટલા લાંબ્બા–પ્હોળા...



૬

## ગઝલ

પ્રત્યેક જણની જેમ હું ચિક્કાર છું,
છું માનવી ને માનવીની બ્હાર છું.

એ ભીંતના ટેકે જીવે છે બાપડું,
સરિઆમમાં કહેતું ફરે છે દ્વાર છું.

જેનો ઝરુખો શહેરમાં ચર્ચાય છે
એની તળે ઢંકાયેલો આધાર છું.

પણ આંગળીની ખડકીઓ ખોલી જુઓ,
ગમતા લયોનો હું ય એક વિસ્તાર છું.

સૂરજ–કથાથી કાન ફૂંકાતા રહ્યા,
ને ત્યારથી તે આજ લગ અંધાર છું.

છું ખૂશબુની હત્યાનો પુરાવો, છતાં
ચર્ચાઉં છું કે ડાળખી પર ભાર છું.

પણ કૈંક અવતરતું હશે મારા વિષે
હું પણ નગરમાં ફરતું કારાગાર છું

ખામોશ પામ્યો અન્યથી બસ એટલું,
કે હું જ મારો એકલો અવતાર છું.

## ૭
## ગઝલ

કેવી રીતે જોઈ શકું બારી બહાર
ઘરનો મને રોકી રહ્યો છે અંધકાર

ઓ છત ઘડી કોરો રહેવા દે મને
વરસાદમાં પલળી ચૂકયો છું કૈંકવાર

ત્યાં ભરબપોરે કોણ જાણે શું થશે
કાચા ઘડામાં થઈ ચૂકી છે જળની ધાર

ઊગી ગયાં છે માટલામાં માછલાં
હા, કોઇને આપ્યો હશે મેં આવકાર

પર્વત, નદી, વૃક્ષો, ગગન મેળે જીવે
મારા વગર કોણે કર્યો છે ઇન્તેજાર

ખામોશ પણ પથ્થર ગણાયો શહેરમાં
એકે નજર નીકળી ચૂકી ના આરપાર



## ૮
## ગઝલ

આ ક્ષણ લગી સૂરજ લગીરે ના ખસ્યો
અંધારું આઘુંપાછું હું કરતો રહ્યો

ફાંફે ચડેલા મોડી રાતે ચોરને
મારા ઘરમાંથી જડચો હું એકલો

મારી ગલીમાં કૂતરું કયાંથી ભસ્યું
ઊગ્યો હતો ઘરની વચોવચ ખીજડો

કેવો ઊગ્યો છે આંગણામાં છાંયડો
ઘરને સતત ઝીલવા પડે છે પથ્થરો

બેઠી ન બેઠી માખ કાં ઉડી ગઈ
હું પણ નગરમાં શેરડી–સાંઠો હતો

જંગલ કપાવા માંડયું પહેલી ધારનું
ભરઊંઘમાં કઠિયારો જ્યાં પડખું ફર્યો

ખામોશ બારી બારણાં વાસી દીધાં
હ્યો, પીપળો દીવાલ તોડી નીકળ્યો.

૯

## ગઝલ

ઝરમરતી પળો વચ્ચે પણ કોરા રઝળવાનું
આ ચૂપકીદીની છત પર નાહક છે વરસવાનું

તડકાનો મધ્યે ટેકો પડછાયા પલાળી લઉં
કાંઠાના ઝાડ જેવું ક્યાં લગ છે તરસવાનું

યુગ યુગની ભીનાશોમાં વેળુના ગગન માથે
વેળુના વિહંગો છે વેળુનું વિહરવાનું

ખામોશની આંખોમાં જળવાયું છે જલદર્શન
ભીતર લ્યો મને ઊગ્યું કાયમનું પલળવાનું



૧૦

## ગોફણ

હિંસાના પરપોટા
પાણીમાં હવા કેદ છે
ત્યાં લગી તો થવાના જ.
ખૂન ગમે તે રોડ પર
કે ગમે તે શેરીમાં થાય,
પણ રણભૂમિ પર કદી જ થતું નથી !
એટલે સ્તો મારાં જવામર્દ માબાપે
રામ અને કૃષ્ણ જેવાને ખીલે ઠોકી
ઘરની ભીંતો શણગારી છે.
વૃદ્ધ ખીસામાં દેશી પરચૂરણ
ખખડાવતાં ખખડાવતાં એમણે
ડાબા હાથમાં ચબૂતરાનો પ્લાન આપ્યો છે
ને જમણા હાથમાં ગોફણ
એ સાવ સાચી વાત છે,
પણ રામ કે કૃષ્ણ કેવળ અફવા લાગે છે
ને વાલ્મિકી અને વ્યાસ
ગાંડાની ઈસ્પિતાલમાંથી છટકેલા કેદી !
મરતાંને મેર કહેતાં કહેતાં

મારા રૂંવે રૂંવે
ફોરી ઉઠતાં ચંદનવન લોકવાયકા હશે,
નહિતર ચોર્યાશી લાખ સ્ટેશન ફર્યો
તો પણ હું માટીપગો
માણુસ નામના શહેરમાં
વારસામાં મળેલી એ ગોફણુ
હજી ય વીંઝયા કરું છું...
હજી ય વીંઝયા કરું છું....



૧૧

## બાંધકામ

પરમ પૂજનીય
પરમાણુ બોંબ બોધિવૃક્ષ જ છે
ને જે કૈં જન્મશે એ ય બોધિવૃક્ષ જ હશે
એના પરમ છાંયે સહદેવમુખો
શંકરહુસેન ચેરમેન નિજની ચાર્વાકી ફાંદ પર
હાથ ફેરવ્યા કરે છે, ફેવર્યા કરે છે.
એના ડીઝલિયા ડોઝા પર
મડદાનગર કો. ઓ. હા. સો. ઓમાં
પ્લાન બહારનું બાંધકામ થતું જ રહ્યું છે
ને ગઈકાલે જે અવ્યય ચંદ્ર જેવું હતું
એ આજે વ્યય પૃથ્વી જેવું થયું
વળી આવતી કાલે ચંદ્ર પૃથ્વી જેવો થશે
(પગલાંની ઊધઈએ ચંદ્રમાં અજંટા–ઈલોરા
કંડારી છે એવી ચાંદની છાપાની હેડલાઈનમાં
દરિયાય નહિ, તો
એ પગલાંનું ઐતિહાસિક મહત્ત્વ કેટલું ! )
સફેદ સસલા જેવું ઘુરકિયું નહોતું થયું
ત્યારેય અમદાવાદ તો ત્યાં હતું જ

પણ અહમદશાહને આંખો ક્યાં હતી
નહિતર એ જોઈ શક્યો હોત
કે અવ્યય શંકરહુસેન ચેરમેનના
બધા જ અક્ષરોએ
પોતપોતાનો અલગ અલગ સૂર્ય
ખોળી લીધો છે
ને એ અક્ષરોને વ્યયતામાંથી બહાર
ખેંચી કાઢવા મથતી મારી દાઢ પર
આકાશ ફરી વળ્યું છે.



૧૨

## વળગણ

લોહીમાં નવાણિયું અજવાળું તોડી
ફૂટી નીકળ્યો પરપોટાનો બેટ
ને ત્યાં તટની તાણ
ખેંચી લાવી રડયું ખડયું કો ભુલ્યું ભટકયું વ્હાણ
(જેના હોકાયંત્રનો કાંટો લકવાથી પીડાતો)
દૂરબીનમાંથી દૂર દૂર કપ્તાન નિહાળે
ડાંસડાંસ જલચરનાં ડાચાં તડને તાકે
ચામાચીડિયાં અંધકારને ફાકે
શિયાળની લાળીમાં સૂરજ ઠરી ઠીકરું
પારિજાતની ભડથું ભડથું ગંધ
ગંધમાં ભડકે બળતો લોહિયાળ સંબંધ
ઓ મેલડી મારા ગામટોડાની ઢચીંગ ઢચીંગ
ઓ મેલડી મારા ગામટોડાની ઢચીંગ ઢચીંગ
ઢચીંગ વળગણ, ઢચીંગ વળગણ, ઢચીંગ વળગણ
વળવળ વળગ, વળવળ વળગ
વળવળ વળગ, વળગણ વળગ વળગણ વળગવળગણ
વળગણ વળગણ
પીંજરાનું પારેવું વળગણ

મોલ ઉપરનું નેવું વળગણ
રેતી રેતી રેતી વળગણ
ક્રિયા જનમની ખેતી વળગણ
ખેતર વચ્ચે ઊભો ચાડિયો
પાદર ચબૂતરા બંધાવો
મોભે પરબડી લટકાવો
વળગણ તળાવનું ગરનાળું
વળગણ ગોદરેજનું તાળું
મારો બાપો સાળો સાલો
મારી માડી સાળી સાલી
મારો ભાઈ સાળો સાલો
મારી બેની સાળી સાલી
હું તો સાલાનો પણ સાલો
તું તો સાલીની પણ સાલી
મારું વ્હાલું બધુંય સાલું
વળગણ અળગણ પાણી
વળગણ ગંજીફાની રાણી
વળગણ પારવતીની યોનિ
વળગણ શંકરજીનું લિંગ
વળગણ ઢચીંગ વળગણ ઢચીંગ
વળગણ ઢચીંગ વળગણ ઢચીંગ
મારા વળગણ કૈની જાન પરણવા ઊપડી રે
મારા વળગણ ભાને કે'જો એને મારગડે
મૂતરવા એક મૂતરડી બંધાવે ના
મોભાસરનો હોય ગવાડો ભરવો જો
મજૂરનું ના ફંડ હોય કૈં બાકી
એવી બંધ પડેલી મીલ આપજો ભા



એમાં હળ જોતરશું અમે
અમારે હડતાલોના ઘોડાપુરમાં
નથી તણાવું ભા
વળગણ તું જો નાર હોય તો
તને ચુંદડી આપું
વળગણ મર્દ હોય તો
કેસરિયો વાઘો પહેરાવું
ક્યાં છે તારી યોનિ
ક્યાં છે તારું લિંગ
તારા અણુઅણુના અણુઅણુમાં
કેટકેટલા ખંજરપાણી પાયેલાં
કૈં મહાભારત પેંડીંગ ?
વળગણ ઢચીંગ વળગણ ઢચીંગ
વળગણ ઢચીંગ ઢચીંગ ઢચીંગ

૧૩

## પ્રતીક્ષા

આજ પણ સૂર્યની અવરજવર
તારા ચહેરાની જેમ આંખમાં જાળવી રાખી છે.
કરફ્યૂગ્રસ્ત શ્વાસમાં તારા સાનિધ્યની મુદ્રા બને
એવી કોઈ ક્ષણ મળે.
મારી ચૂપકીદીઓના એકાદ પડઘાને ધબકાર મળે
એ આશયે સમયને સંભોગવાની ચેષ્ટામાં ને ચેષ્ટામાં
પલળ્યે જાય છે મારી પવિત્ર ઇન્દ્રિયોનું નિર્વિકાર આકાશ
લોહી વગરની ઘડિયાળનો પ્રકાશ
મારી હવાના માંસને ઓલવી રહ્યો છે
ને અજવાળાંના હોર્નના મૂંગા પડછાયા
મારા કાનમાં નશાની જેમ પ્રસરી રહ્યા છે.
અંધકારની બુલેટ કશુંક અન્ય ન ઊગી નીકળે
એ ફિકરમાં પૂર્વ ક્ષિતિજ ભણી તકાયેલી છે.
આ હિજડા સૂનકારમાં તારો શાંત અવાજ ક્યાં ?
છે તો સમ્મોહિત કોલાહલ.

બારીમાંથી દેખાતાં કોકકોક રહ્યાંસહ્યાં વૃક્ષો
બારી વાટે ઘરમાં ક્યારે આવશે ?



એવું ક્યારે થશે
કે–આંગણે રખડતું પીછું જોઉં
ને ત્યાંને ત્યાં જ ગગન ઊઘડી જાય.
હા, પણ વરસાદમાં સતત પલળતી બસને
કોક ખૂણે થતા નવા મકાનની અસર થાય છે,
પણ એને ઘાસ ઊગી નીકળતું નથી.
વરસાદના એકેએક બુંદમાં
ઘૂમરી ખાતા જલદર્શન નામના શહેરને
જલકોંક્રિટી ભીંતોને એકે પરપોટો પાંગરતો નથી.
એ શહેરના કમ્પાઉન્ડમાં મોર ઝરતા આસોપાલવને છાંયે
નિહાળી રહ્યો છું કે તને રિઝવવા મથતો નટરાજ
નાચતાં નાચતાં પથ્થરનો થઈ ગયો.
તેના અદ્ધર તોળાઈ રહેલા એક પગને ટેકવવા
કોઈ થોડી જમીન આપતું નથી.
તે છતાં મેં સૂર્યની અવરજવર
તારા ચહેરાની જેમ આંખમાં જાળવી રાખી છે.

૧૪

## ભલેને બંધાયા

ભલેને બંધાયા ભવને ખીલે હોજી.

તરણું અડેને જેમ ખાલી નીડ ડાળે
તેમ હું રહું ને મંન મારું લીલા ઢાળે
હરિયાળી છલકતું વંન તરસને ખણીલે હોજી.

હરણાના પગમાં આળોટ્યા કરે આંખ
પંખીઓને જોઈને નભે ફણગતી પાંખ
જાઉં હું તો નિજથી ય દૂર કલરવના ચીલે હોજી.
ભલેને બંધાયા ભવને ખીલે હોજી.



૧૫

## એક બાપનું એકરારનામું

આમ તો માણસ
અંગારવાયુની ટાંકી જણાય છે
પણ સંભાવના વાંઝણી નથી.
યંત્રીના ! તારા મા-બાપ કરતાં
તારો શ્વાસ તારી વધુ નિકટ છે.
તોડી નાખ
તારી ખોપરીનાં લોકરો
ફૂસ થઈ જશે
જૂની હવાની ભ્રમણા એની મેળે
તારી ખોપરી
તારાથી હજીય ખાલી છે
એવા પરમજ્ઞાનને તું ઉપલબ્ધ થઈશ
ત્યારે જાણી શકીશ
કે જ્ઞાન કૈં વારસો નથી
કે જે ટ્રાન્સફર કરી શકાય.
જે હવા અનુભવાય છે
તે ખરેખર છૂટતી જાય છે,
વત્સ ! મારા માટે

હું સાંપ્રત હોઉં ભલે
પણ તારા માટે
વિગતની કથા છું કેવળ વિગતની કથા
નહીંતર હિરણ્યકશ્યપનું સંતાન
કેવળ હિરણ્યકશ્યપ હોત.
ને રામનું સંતાન કેવળ રામ.
સૂર્ય ભલેને એ જ છે.
પણ મારા અને તારા
જન્મના ગાળામાં
કેટલીય જ્યોતિ મરી ગઈ,
ફોસલાવી પટાવી મેં
તારી ભોળી આંખોને
એ મરેલી જ્યોતિનાં ચશ્માં
જન્મભેટ તરીકે વારસામાં
આપ્યાં છે
હું માણસનું બીબું
બની ગયેલો હોવા છતાંય
માણસ ગણાઉં તે માટે !



૧૬

## ઘર અને મકાન

ગમે તેટલું વિશાળ
ને વૈભવશાળી હોય,
લીંપણની જગા ટાઈલ્સ લે,
ફૂલદાનીની જગાએ
કેક્ટસનાં કૂંડાં ગોઠવાય,
કે પછી શબ્દકોશના શબ્દોની જેમ
ઘરવખરીને વ્યવસ્થિત ગોઠવવાથી
મકાન ઘર બની જતું નથી.
ઓ ભાષાખોર ખોપરીઓ !
ખોપરીમાં રમાતી ખોખો
આપણે નથી,
હા, આપણે બુદ્ધિના હોઈ શકીએ
પણ આપણી બુદ્ધિ
કદી પણ આપણી હોતી નથી.
આપણે અને આપણું 'હોવું'
વચ્ચે બસ એટલું જ અંતર છે
જેટલું બીજ અને વૃક્ષ વચ્ચે હોય છે.
પરાયા જેમ શબ્દ સાથે

વર્તતા આપણે
આવો, કોઈ કાળે
એ શબ્દને
કલાકૃતિનો હિસ્સો બનાવીએ
ને સરજીએ અસીમનો વિસ્તાર
રહ્યું સહ્યું કોક ઘર
મકાન બની જાય તે પહેલાં.



૧૭

## પૂરાંત અને પરોઢું

આકાશને હજી હમણાં એકાદ ફૂલ બેઠું છે
ને ગોદરેજનું કબાટ
ચંદનવન હમણાં થશે હમણાં થશે
એમાંને એમાં બોખી દાઢમાં
પરોઢું સળવળે છે.
જેને ધાવણા દાંત ફૂટ્યા નથી
એના ચાવણા દાંત
તોડી પાડવાના પ્લાન સતત રચાતા રહ્યા છે
છતાં એમાંથી હમણાં સૂર્ય પ્રસવશે
હમણાં સૂર્ય પ્રસવશે એ આશાએ બેઠા છું
નભપરી જોઈ થાક ઉતારું છું.
મકાનના મડદામાં વસું છું
એનું ભાન તો ક્યારનુંય થયું છે
પણ બીડી પીવાના બહાને
બગાસા ખાતી જાંઘો વચ્ચે
પતાસા ગોઠવવાં ચૂકતો નથી
નયણા કોઠે કે ભરેલા પેટે
વીર્યનું સતત ટપકલું
રૂપિયાની ચાર આની થઈ
તો પણ અટકાવી શકતો નથી
કારણ કે શુદ્ધ કામશાસ્ત્ર

ફેંદી નાંખ્યાની ગંદી ડંફાશો
મારવાની મારે હજી બાકી છે
ભાનો વળગાડેલો ફોટો
ખેંચી કાઢવાનો બાકી છે
ભાના ફોટા પાછળ ચકલીએ માળો બાંધ્યો છે
એ ચકલીને ગોળીએ ઊડાડવી બાકી છે
સોફા પર પડતી અધારમાં
પગાર પગાર રહેતો નથી
છતાં કેવળ પુરાંત ખેંચતો જાઉં
કેવળ પુરાંત ખેંચતો જાઉં

નથી ગોદરેજનું કબાટ કે નથી ચંદનવન
નથી દાઢ કે નથી પરોઢું
નથી ધાવણા કે ચાવણા દાંત
છે તો મકાનનાં મડદાં
બગાસા ખાતી જાંઘો, પતાસાં, શુદ્ધ કામશાસ્ત્રો, ગંદી ડંફાશો,
ભાનો ફોટો, અધતી ચકલી, ભીંતોમાં ચણાઈ ગયેલી પુરાંત.
અનિચ્છાએ ખેંચાતા જતા મારા શ્વાસમાં
ફક્ત થયા કરે છે કશોક ખળભળાટ.
લોહીમાં ડૂબી ગયેલાં વ્હાણ દેડકાની જેમ
તળેથી સપાટી પર આવી રહ્યાં છે
જેને હમણાં ફૂલ ઊગ્યું છે એ આકાશ નીચે
સૂર્યનું છાનું ડોકિયું મારી ઊંઘનો ફક્ત રંગ જ બદલે છે
એ સિવાય કશું જ કરી શકતું નથી
છતાંય સૂર્ય હમણાં પ્રસવશે હમણાં પ્રસવશે
એમાં ને એમાં મારી બોખી દાઢને
વધુ ને વધુ બોખી કરતો જાઉં છું.



૧૮

## છેલ્લો અવતાર

અવકીર્ણતા
સમાસિશ્ચન્તુ મરુતઃની ટોર્ચ
સતત માર્યા કરે છે
છતાં હોઈશું ત્યાં લગી
માયાની યોનિમાં સળી કર્યા જ કરીશું
                    કર્યા જ કરીશું

સો બારી પાડ્યા પછી પણ
વીજળીના બલ્બો જ સળગાવવા પડશે
એ કારણે શુક્રના દીવાઓ ઓલવી નાંખો
ઇન્દ્રિયતાને ફણગતી રાતી ટશરોમાં
વહેતા પ્રાણરસની નસો કાપી નાંખો
કોસ્મિક-રણો ભરેલા કોરા કાર્ડ જેવો હું
પંચીંગનાં ગીચ જંગલો ઊગાડી રહ્યો છું
કોમ્પ્યુટરના ગળામાં ફસાઈ ગયેલી
કારીગરની આંખને ડૉ. ખુશનાનું ડુક્કર
બ્હાર ખેંચી કાઢશે ત્યારે
હે ચંદુડિયા
મારે અવતરવાની એક બબાલ ટળી જશે

વિશ્વને એક નવો વળાંક મળી જશે
નહિતર કાળે દાડે તો કોઈ યંત્રીનો
નવરાવે એમ નથી
ચેત ચંદુડિયા ચેત
અહીં તો ભૂવાને પણ વળગ્યાં પ્રેત
તારું શિશ્ન કેવળ બકરીના ગળે લટકતો આંચળ
તારું શિશ્ન કેવળ બકરીના ગળે લટકતો આંચળ
કેવળ ગળે લટકતો આંચળ.



૧૯
## બરફની ભીંતો

ચોમેર ફરતી બરફની ભીંતોને
પરસેવો ન વળે
એ ફિકરમાં ને ફિકરમાં
માણસની આંખ રાડાર બની ગઈ.
બરફની ભીંતો ખાતર
માણસની છાતીમાં સંગીન જેમ
ભોંકાય છે માણસ
ને વિયેટનામ જેવા ચંદ્રકથી
સોહી ઉઠે છે એની છાતી
બંદૂકની ઘૂસણખોર ગોળી
વગર પાસપોર્ટે
ગમે તે રાષ્ટ્રમાં ગમે ત્યાં ફરી શકે.
એની હિસ્ત્રતામાં
ચુંના પણ બાકોરું પાડી શકતો નથી.

ભીંતે ડાઘ જેમ ચોંટેલી ગરોળી
હડપ દઈને બત્તીના અજવાળે જીવાત પકડે
એમ સ્ટેશન બહાર નીકળતાં કોઇએ કાનમાં કહ્યું :
'બાબુજી નવાબ કી બેટી હૈ, યું તો નકાબપોશ નિકલતી હૈ,
લેકિન આજકલ દેશી ટેબૂલ સિર્ફ દેશી હી હૈ,
તંગ આ ગયે હૈ હોઠ ઔર રૂખ્સાર ઇન કે રબ્બરી બોસાસે.'
આ સાંભળી રગેરગમાં વહેતું લોહી વીર્યમાં ફેરવાય છે.

હા, એ જ આ ચુનો
બંગ્લાદેશ બળાત્કાર કેસમાં
વ્યંઢળ પૂરવાર થયેલ તાજનો સાક્ષી
એને ય બરફની ભીંતો હશે
નહિતર એ મશીનગનો ટોટો પીસી શકે
સફેદ ગાય પાછળ દોડતા આખલાને બળદ જેમ નાથી શકે
પણ કોણ કોને રોકે, કોણ કોને ટોકે
બધાય જીવતા માણસને ખીલા ઠોકે !

મેં જ્યારે કહેલું :
‘ હણાયેલા દુશ્મનોનાં પણ ક્યાંક સ્મારક રચાયાં હશે. ’
ત્યારે કોઇએ કહેલું કે છોકરો બહુ ફાટ્યો છે,
ગોળીએ દેવો પડશે
નહિતર નક્સલવાદનાં જંગલો ઊગી નીકળશે બરફની ભીંતોમાં.
મારી બળવાખોર ગરમીમાંથી પણ
બરફ બનાવવાનું શીખી ગયાની ખુશાલીમાં
મારા મડદાને કાચું ને કાચું ખાતો હશે માણસ
ત્યારે દૂર ઊભો ઊભો જોતો હોઈશ
બરફની ભીંતોમાં ચણાઇ ગયેલી જળની બારી
શોધી રહ્યો છે માણસ
અને પાછો પરોઢિયે સેસ્ટીન ચેપલના ફ્રેસ્કા પર
સૂતેલો માણસ ચીખી ઉઠશે
આ મારો સ્વર્ણ–સૂર્ય નથી.
સંઘરેલા પાણા શું એવા ને એવા જ
મારી કબરમાં દફનાવવા પડશે ?
મારાં મડદાં ચીરેલાં નકામા જશે ?
આ બરફની ભીંતો ખાતર
શું આ બરફની ભીંતો ખાતર !



૨૦

## વિકાસનો કીમિયો

પેટને પગ ફૂટ્યા, પેટને હાથ ફૂટ્યા, પેટને આંખ ફૂટી
ને નગરમાં ઠેરઠેર ગગન ખૂલતું ગયું.
સ્કાયસ્ક્રેપર બિલ્ડિંગોની બારીઓ જેવું ઊંચું ઊંચું જોતી
કૂકડાની પાંખ જેવી આંખમાં કશુંક પડખું ફરે.
ઓલાદની હાજરીમાં મૈથુનરત જાનવરોને
મારી મારી ભગાડતાં ભગાડતાં ઓલાદને પેન્ટ પહેરાવી શક્યો,
ચાલ્યા વગર પણ ચાલી શક્યો
બેઠા બેઠા દૃશ્યો બદલાવી શક્યો
ઠપિયા જેવા ઠોસ મૂળને પાતાળમાં ઠેલી દીધાં
તે બદલ કુદરતને ધન્યવાદ.
મને હવામાં ફોરતાં આકાશને અડતાં કોમળ ફૂલો ગમે છે.
‘ ડાલ ડાલ પે સોને કી ચિડિયા કરતી હૈ બસેરા’ વાળાંઓનાં
ટોળાં વધવા દો

પણ મને સત્યજીત રેમાં લગીરે રસ નથી.
ટર્મિનસ સુધી પહોંચવાનો જડએસલાક કીમિયો મેં શોધી
કાઢ્યો છે.

હાથ માટે ઑફિસ બાંધું છું.
પગ માટે હાઇવે બાંધું છું

ચૂંગી પીને કે ગીત ગાઇને
બ્લ્યુપ્રીન્ટ જોઈને કે કવિતા વાંચીને ફાજલ સમય પકવું છું.
હાથપગ જો પેટછૂટા થાય કે એને એકાદ આંખ ફૂટે
તો કલમના એક ગોદે મારો પિસ્તોલિયો ડાબો ખૂણો દેખાય છે
ને એ અખબારની ગડીમાં વાળી
મહિને બે મહિને પસ્તીવાળાને વેચી મારું છું.
એ કૂકડાની પાંખ જેવી આંખ મારી છે,
કલમના ગોદાને પકડી બેઠેલો હાથ મારો છે,
પારકી પેન્ટ વેંઢારી સતત ચાલ્યા કરતા પગ મારા છે,
એ મારે જાણવું નથી.
મને સત્યજીત રેમાં લગીરે રસ નથી
હજીય શબ્દની ભડવાઈ મને સ્વાદિષ્ટ લાગે છે
હજીય દૃશ્યની ભડવાઈ મને સ્વાદિષ્ટ લાગે છે.



## ૨૧
## લીફ્ટ

ઝૂંપડાની સળેકડીને
ગગનચૂંબી ઈમારતની પાકી ભીંત
થવાનું મન થાય
ગૂ પીલતા પગને
એક્સીલેટર દબાવવાનું મન થાય.
પણ ખળભળતી જાત
સાંજ પડયે સગા હાથે ટૂંચો કાપી
ચીતરેલું તળાવ બની જાય તે
ટ્રીગરાયેલી આંખ સાથે
મોકો મળ્યે શાક સમારતા હાથ
એ જ કરે જે એક મરણિયો કરે
પછી ભલે એનું નાગું આકાશ
અખબારી રંગે રાતું થાય.

ખેતરની તંબાકુને
પાકા ઘરનો ચસ્કો લગાડનારો
કંગાળ બાળકને
ક્રિકેટ કોમેન્ટ્રી સાંભળતાં કરી દે છે

ને
રસ્તો ઓળંગતા
થાકેલા મેલા પગને કારણે
પૂરપાટ દોડતા એના વાહનને
બ્રેક મારતાં એનું મ્હોં
ટાયરની જેમ ઘસાય છે :
' યુ બ્લડી બાસ્ટર્ડ જોતો નથી ? '



## ૨૨

## હ્યા નેચું જો !

હ્યા, ઊંચે આભલામાં જોવાથી
મનખ નૈ દેખાય
તારા દેખાય, ગરહ દેખાય, દૈણુ દેખાય.
બહુ બહુ તો બલૂન દેખાય...
પણ બલૂન હેંડાડનારો ક બનાવનારો નૈ દેખાય, હૌ.
ઈન જોવા નેચું જો
આભલે ચોંટેલા તારા ડોળામાં છેંડું પાડ
તારી ફિલસૂફીની ફીશીયારીને પૂળો મેલ
ભણાવેલા ભાવે ચીજ વસ્તુ
અભણે ય વેચી હકે ને લુચ્ચો ય વેચી હકે.
એકે દન ચીજવસ્તુ પેદા કરી છ ખરી ?
હળની ચકલી ઝાલી છ ખરી ?
ઓતરા ચીતરાના તાપમાં
કેડેથી વળી હાતોડું થતાં મનખ ભાળ્યાં છ ખરાં ?
પોહની ટાઢી રાતે ચાયડાના ગારામાં
પરહેવે ઓગળતા પોણુતિયાને ભાળી
તારા ડોળામાં દીવા થયા છ ખરા ?
ક પછી શેડયા વના હમાર દીધે રાખ છ ?
એક જ બીટે બોર કરતા નેકળ્યો છ, હૌ ?
જેવું વણું એવો બીટ ચડાવો પડ ભોલા.

૨૩

## અડધી હોજરીનો સૂર્ય

ઘર ચાર દીવાલોનું
માત્ર સરનામું હતું
ને
પ્રવૃત્તિના તેજરૂપ
એ
ગુજરાતભરમાં ભમતો રહ્યો
રેલીઓ રેલાવતો રેલાવતો,
વંચિતોના વાસમાં
સૂર્યો નવા જન્માવવા ફરતો રહ્યો
એ શ્રમજીવીનો સૂર્ય
અડધી હોજરી કરતો રહ્યો
ભવનાથના મેળા સમો
પરોઢની વેળા સમો
એ રીતે એ આથમ્યો
અન્ય સૂરજ સાંભર્યો.

(ભાનુભાઈ અધ્વર્યુના મૃત્યુદિને)



૨૪

## તારો ચહેરો

સમથલ જમીનમાં ખાડા ખોદવાથી
ટેકરાઓ થઈ શકે છે
એની જાણ જે લોકોને થઈ
એમાંના કેટલાંક જણાંએ માણસને ગરજાઉ બનાવવા
પોતાના મતલબને વિકાસના વાતાવરણનો વેશ પહેરાવી
સાધનોનો શોષણખોર ઉપયોગ કરવા માંડયો.
ને તેં એ જાણ્યું
તો તું કલમની મશાલ લઈ નીકળી પડયો–
'દુનિયા જૈસી હમને દેખી' કહેવા,
ભૂમિહીન–ખેતમજૂરોનો નિઃશસ્ત્ર સંઘ રચવા,
ટેકરાઓ હોરવા ને ખાડાઓ પૂરવા.
આજે તું નથી,
પણ જ્યાં જ્યાં ખરાબા કે પડતર ભૂમિને
તારો ફળદ્રુપ સ્પર્શ થયો;
ત્યાં ત્યાં ખેતરો કલબલવા માંડયા.
ને તેના દાણે દાણે
આજ પણ તારો ચહેરો ઝગે છે.

(શ્રમજીવી સમાજના પથદર્શક ભાનુભાઈ અધ્વર્યુના અવસાનને એક વર્ષ થયું એ નિમિત્તે ભાવભરી અંજલિ)

૨૫

## સમાનતાની દિશા

આ સંસદીય સત્તા
અંડા–ખીમાની લારી પર સર્વિસ આપતા
બદરૂના બેટાને
હોટલમાલિક બનવાનો મોકો આપતી નથી,
કે થિયેટર પર ઠંડું પાણી વેચી ખાતા
બાબુના બેટાને
આઈસ ફૅક્ટરી ઉભી કરવાની તક આપતી નથી.
પણ ગુંડાધારામાં પકડાયેલો બુટલેગર
પ્રત્યેક ટંકે જેલમાં
ફાઈવસ્ટારનું ડીનર લઈ શકે છે
ને તિહાર જેલમાં સજા ભોગવતો દાણચોર
ગુજરાતનો મુખ્યમંત્રી રાજીનામું આપવાનો છે
એવી બાતમી મેળવી શકે છે.
પછી બાળમજુરની વ્યાખ્યા કરનારાં
ભારતીય ભેજાંબાજો ભલે કહેતાં હોય,
કે અમે ઓજારો ઘડીએ છીએ.
પણ સિનેમાની ટિકીટ વેચી ખાતો હુસેન ચીડીમાર
કે દારૂના અડ્ડા ઉપર પૌઉં વેચતો દીનુદાઢી



સુપેરે જાણે છે,
કે એકસો એકાવન, મીસા કે કોફેપોસા
માત્ર પોલિસ અમલદારો માટે
ખાનગી પગાર વધારો છે
ને વકીલો માટેની વધારાની આવક
એકલપેટા ભારતીય ભેજાંબાજોને
અસામાજિક કે સમાજવિરોધી વચ્ચે
ભેદરેખાની ભૂંગળ વગાડવાનું સૂઝતું નથી.
એટલે જ દાણચોરીનું રણ ખેતર બનતું નથી
ને દાદાગીરીના દેશને સરહદો નડતી નથી.
શ્રમજીવીના પેટને
લશ્કરી છાવણીઓમાં વહેંચી ખાનારા
ને સત્તામેધમાં રચ્યાપચ્યા રહેનારા
એ લોકોની યોજનાઓ મહદ્અંશે
ભવિષ્યની બેરરઓન્ડ યોજનાઓ છે
એટલે જ કહું છું બાબુ,
પરમાર–પટેલ કે હિંદુ–મુસલમાન બનવું રહેવા દે
માણસભૂમિ અયોધ્યાને
એકલા રામની ભૂમિ બનાવવા
સહકાર ના આપ.
પ્રત્યેક 'અયોધ્યાવાસી' અયોધ્યાસ્વામી બને
એવી માંગણી બુલંદ કર.
પ્રત્યેક ભારતીય ભારતસ્વામી બને
એવી માંગણી બુલંદ કર.
પણ આ સરકારી સીમેન્ટથી
સમાન–કોડની બિલ્ડીંગો રચવા
તબરકાં ઊંચકવા રહેવા દે,

એનાથી બિરલા, બદરૂ કે બાબુની આવક
કે વિચારધારા ક્યારેય સમાન નહીં થાય.
દલિતવંચિતની તરફદારી જ
સમાનતાની દિશા છે.
એટલે આ ભારતીય ભેજાંબાજોને
માનવીય રસ્તે સમજાવી દે
કે મજૂરોને પૂરતું વળતર આપો
માલિકોની સરપ્લસ કાપો.



૨૬

## એકલપેટા દિકરાનો ખેલ

લે, તારી માની દૌ મોંમાં ઘાલ
ને બચ બચ ધવાય એટલું ધાઈ લે છોકરા !
ને કહે કે મારી માની દૌમાં ધાવણુ ફૂલ છે.
માનું ઓઢું લઈ
પાણીની દુકાન ખોલીને બેઠેલા માવડિયા !
કહી દે
કે મંદિરના પગથિયે
ટળવળતી ભિખારીઓની લંગાર એ માયા છે.
ભારતમાતાની બૂમો પાડવાના સાટામાં
વિલાયતી માલ વેચનારા મશીનિયા !
કહી દે
કે કીટલી પર ચપ્પણિયું ધોનારો મારો ભાઈ નથી
ને લાચાર ઝોળીમાં મુઠ્ઠી જાર નાખી
જેની જાંઘોમાં તું તડકા-અંધારા ઘાલતો રહ્યો
એ મારી બેન-બેટી નથી
એમ કહી દે, લ્યા કહી દે
બ્રહ્મચારીની ઓલાદ કહી દે
કે માત્ર રામ બોલે એની આ માં

રહીમ બોલે એની નહિ
મા મા કરતા કરતાં એની કાંધે ચઢી બેઠેલા
માદર બખત, હું તને કાશ્મીરથી કન્યાકુમારી લગી જાણું છુ
સર્વધર્મ સમભાવ તારો પેંતરો છે.
અને અહિંસા તારું પેટું
આજ લગી રક્ષકના વેશમાં
તું હત્યા કરતો આવ્યો છે.
અનામત જેવા તોફાનોમાં
ગરીબોનાં ઘર સળગાવી મારી
તારી ગલીમાં તને નાસી જતો જોયો છે.
એકલવ્યનો અંગૂઠો તેં જ કાપ્યો હતો
રાણા પ્રતાપના સેનાપતિ હુસેનખાંને
બ્લેક આઉટ કરનારા ટિંકુડા,
અકબરના સેનાપતિ માનસિંહને કયા નરકમાં ગોઠવીશ ?
ઇતિહાસને જૂઠો કરનારા ધુરંધર ધંધાદારી.
તું જે ખેતરમાં હળ ફેરવે છે,
ત્યાં કણસલે કણસલે ભૂખ પાકે છે
તારા સ્વર્ગલાલચુ પગ જ્યાં પડે છે
ત્યાં અમરપટો લઇને નરક દોડયું આવે છે.
એકતાની પૂંછડી પટપટાવનારા એકલપેટા
બેઘર ઝુંપડું બાંધે કે બેકાર હાટડી માંડે
તો તને તારો રાજમાર્ગ સાંકડો થતો લાગે છે.
મહોલ્લો મહોલ્લો ઝઘડે છે
ત્યારે તું પટેલ પટેલ
વાણિયા વાણિયા, બ્રાહ્મણ બ્રાહ્મણ
કે ઢેઢ ઢેડનો ખેલ પાડે છે.
આજ મજૂરોના પરસેવાનો રેલો



તારી ગાંડ તળે આવ્યો છે
ને તું હડપ દઇને ઉભો થયો છે
એની મને ખબર છે.
તમાશાને તેડું ન હોય
એ તું ય જાણે છે ને હુંય જાણું છું
પણ ગાયની ચરબીનો ખેલ પાડતાં પહેલાં
તારા હોઠ પર ચોંટેલું
માણસનું લોહી તો લૂછ
હયા હિંદુડા !

૨૭

## ને ફર્યા કરે છે ખંજર અને રેઝર ભૂખ્યા પેટ પર

રામ, કૃષ્ણ કે મહંમદની રહેણીકહેણીનો સિક્કો
હજી બજારમાં જોરદાર રીતે ચાલે છે,
રામ, રામ હતો
મહંમદ, મહંમદ હતો
ને હું, હું છું
તેમ છતાં એમનો અનુયાયી કહેવડાવવા
શા માટે
કોઈ સીતા કે ફાતમાના ઘરને
નિશાન બનાવું છું
એવો વિચાર મને ક્યારે આવશે ?
તીરકામઠાં અને ગદા–તલવારની નાબુદીને સ્થાને
મારામાંનો કોઈ ગન અને બોમ્બ લગી પહોંચી ગયો,
ભરણપોષણ માટે સામાજિક પ્રવૃત્તિને સ્થાને
માનવ ગુલામીને પોષતો રહ્યો,
પુરૂષાર્થની ગાદી પર અર્થનો અભિષેક કરવા મથી રહ્યો.
મારામાં આ કોણ છે
કે જે મને માણુસ તરીકે ઓળખાવતા પહેલાં
મને હિન્દુ કે મુસ્લિમ, સવર્ણ કે અવર્ણ તરીકે ઓળખાવે છે.



મારામાં આ કોણ છે
કે જે મને ગેરમાર્ગે દોરે છે,
મને મારી ઓળખાણ થવા દેતો નથી.
સતત પરિવર્તનશીલ જગત હોવા છતાં
મારામાં આ કોણ પરિવર્તનખોર પ્રયાસો કરી
મને ઉત્ક્રાંત થતો રોકે છે.
પાયખાનાની જરૂર હોય ત્યાં પરબ બાંધે છે
ને બગીચાની જરૂર હોય ત્યાં ફાઈવસ્ટાર.
કુદકા મારવાથી કે કારનો વેગ વધારવાથી
ગગનવિહાર ક્યારેય ન થઈ શકે.
વળી હંસને પીંજરે પૂરી કાગડાની જેમ ઊડવાથી
હંસનાં ઉડ્ડયનો ન અનુભવી શકાય.
છતાં મારામાંનો કોઈ
ગગનમાં કાચબા ઉડાડી રહ્યો છે,
કોઈ રમણિયો ટીલાં ટપકાં કરી રહ્યો છે,
કોઈ રહીમો દાઢી વધારી રહ્યો છે
કોઈ રમણિયો બગ–પ્રાર્થના કરી રહ્યો છે,
કોઈ રહીમો કુકકુડ–અઝાન પઢી રહ્યો છે,
એટલે જ રમણિયાનું ખંજર ફર્યા કરે છે
રહીમ પર
ને રહીમનું રેઝર ફર્યા કરે છે રમણિયા પર
ઇતિહાસકારોની સોય એ જ દિશા બતાવે છે
શિવાજી હિંદુ હતો ને ઔરંગઝેબ મુસ્લિમ.
ખામીયુક્ત હોકાયંત્રનો ઉપયોગ કરનારો નાખુદા
મુસાફરોને કેવી રીતે દરિયો પાર કરાવશે
એવો વિચાર રમણિયા કે રહિમાને ક્યારે આવશે ?
શિવાજીને હિન્દુ માનનારો

અમેરિકન રહીમા સાથે દિવસમાં મળે એટલીવાર
ચીયર કરનારો અમેરિકન રમણિયો
ભારતના રહીમાને અમીચંદ માને છે,
ને શીવાના વાઘનખ વિષે જુદું જુએ છે.
પણ પરમ સત્ય એ છે કે
શિવાજી ઔરંગઝેબને પ્રતિસ્પર્ધી માનતો હતો
ને ઔરંગઝેબ શિવાજીને
બધા જ સત્તાલાલચુ એકબીજાને પ્રતિસ્પર્ધી માને છે.
ને રેસકોર્સના નીતિનિયમોને નેવે મુકીને
સાયકલરેસ છે કે મોટરરેસ એનો વિચાર કર્યા વગર
પોતપોતાનું વાહન દોડાવ્યે રાખે છે.
રહીમા પાસે સાયકલ છે કે મોટર
એ જોયું ન જોયું કરનારો રમણિયો
દીલીપકુમાર, નરગીસની ફીલ્મો જોવી ચુકતો નથી
બેગમ અખ્તર કે ગુલામઅલીની ગઝલો
સવારસાંજ સાંભળે છે.
પટૌડી કે ઝહીર અબ્બાસના ફટકે ફટકે ફુલાય છે.
પણ રહીમા કે કરીમા વિષે
લેબલિયા ઓળખ ઘોળ્યે રાખે છે
લેબલિયા ઓળખની પડીકીઓ
ગળથુથીની ગળથાઈ ઠારી શકાતી નથી
પણ હિન્દુપદપાદશાહીનો નશો ચડાવે રાખે છે.
એ નશામાં ગળાડુબ મારામાંનો કોઈ
તર્કના હાથ પકડી લે છે.
ને ફર્યા કરે છે ખંજર અને રેઝર ભુખ્યા પેટ પર.



૨૮

## ઓળખી લો એ ચહેરો...!

લ્યો, ઓળખી લો
એ સાવ ચોખાચટ ચહેરાને
આંખ નથી છતાં એ ચશ્મા પહેરી રાખે છે
બધું જુએ છે એવી ભ્રમણા બજારમાં ફેલાવે છે.
આજ ઓળખવાનો મોકો છે
ઓળખી લો એને
૨૫ હજાર કુટુંબો માટે
૧૧ મીલોના ભૂંગળાં ભૂખ હડતાલ પર ઊતર્યાં છે
તો પણ એની ભ્રકૂટી ખેંચાતી નથી,
એ પેન્શનની પિપુડી વગાડવા
હોય એટલું જોર કાઢે છે.
સૂંઢ જેવડા એના નાકને ગરીબીની ગંધ આવતી નથી.
સૂપડા જેવા એના કાનનો પડદો
ભૂખની રાડથી થરથરતો નથી.
એના રાજકારણીય! દંતશૂળ તો જૂઓ–
(લોહી દ્વારા ચેપાતા) વાયરસ બીને અટકાવવા
માંડ પેટિયું રળવા લારી ગલ્લાને એ ગોંધાવે છે.
બંધ મિલનાં ખૂલ્લાં ચોગાનમાં

ભૂખ્યો મજૂર પથરો ફેંકે
તો એના ગાંધીવાદી સફેદ વાળ
'હિંસા–હિંસા' બરાડી ઉઠે છે.
હ્યો ઓળખી લો એ ચહેરો
કટોકટી ને મીસાના હથિયારો ઘડનારો
એ ચહેરો ઓળખી લો,
આજ મોકો છે.
ચૂકીશું તો ફરીવાર મોકો ખરો,
પણ તે વખતે આપણામાંના કેટલાક ભૂખથી મર્યા હશે
છતાં આપણે સમાજ વ્યવસ્થાને ખૂની ઠેરવી નહિ શકીએ
એટલે જ કહું છું
વેળાસર ઓળખ લો એ ચહેરો !



૨૯

## ખેંચતાણ

દોસ્ત,
તું જ્યારે મળે છે
ત્યારે યાદ કરે છે કે :
'ચંદુ, વસ્તી વચ્ચે નથી આવવું ?
ક્યાં સુધી ખળભળતા દરિયાની જાત થઈ
ઓસ જેમ પાંખડી પર પડ્યો રહીશ ?'
તારા શબ્દો
મને મ્યાનમાંથી બહાર ખેંચી કાઢે છે.
પણ મારી મા કહે છે.
'લગ્ન, મરણ કે સાજા માંદા પ્રસંગે
સગાવહાલામાં જતો આવતો રહે
નહિતર
બાવીસ વરસના તારા ખોલાને કોઈ દેશે નહિ,
ને વીસ વરસની તારી ખોલીને કોઈ લેશે નહિ.'
વળી ફેરા ફરતી વખતે
લાડો પહેલો બેસે કે લાડી, એ કાંઈ
કાર્યદક્ષતા કે ચપળતાનો માપદંડ નથી
છતાં એને ફેરા ફરતા ન આવડ્યા

એ ફટાણું ગવાય
તો મારી માને ઘણો સંતોષ થાય છે.
ખભે ખેસ નાંખી લોકાચારે જઈ આવું
એ એને બહુ ગમે છે.
મૃત્યુ પાછળ દેવું કરીને ગામ જમાડું
એ એને ઘણું ગમે છે.
લગ્નના જમણવારમાં
કેટલી આઈટમ બનાવી હતી
એના આધારે
માણસની પ્રતિષ્ઠાનું ગણિત મંડાતું હોય,
એવા રિવાજોના સમાજમાં
મારું કવિ હોવું કેટલું પ્રતિષ્ઠાપાત્ર ? !
પડોશીનું રેશનીંગ કાર્ડ લઈ
ઘણીવાર મારી પત્ની કહે છે કે :
'કોઈના ઉછીના પાછીના કરતા આવજો
નહિંતર ખાંડ સાથે તેલ નહીં આવે.'
આટલેથી મારી પત્ની અટકે તો સમજાય,
પણ પડોશીની ભાભીની નણંદ કે નણદોઈ
કે પછી કોઈ પણ દૂરનું સગુંવહાલું
ગુજરી ગયું હોય તો સામે ચાલીને
એ લોકાચાર ખર્ચ ફાળવી નાંખે છે.
અને એ મારી માને ખૂબ ગમે છે.
હું
સમગ્ર વસ્તીને સમાવી લેતા પરિઘને
પ્રાથમિકતા આપું છું,
છતાં
મારી ત્રિજ્યા મારે ટૂંકાવવી પડે છે.



કારણ કે મારા ઘરમાં મારી માની બહુમતી છે.
તું મને પરિઘ તરફ ખેંચે છે.
મારી મા, મારી પત્ની, મારો પરિવાર
મને કેન્દ્ર તરફ ખેંચે છે.
આ ખેંચતાણમાં
હું
મનોમન ખેંચાતો જાઉં છું
મનોમન તૂટતો જાઉં છું.
મનોમન મ્યાનમાં કટાતો જાઉં છું.

૩૦

## એકવીસમી સદીનો કર્ણ

હેતુ સિદ્ધ કરવા માટે
કોઈ મારી આંખો ફોડી નાંખી
મારા રસ્તામાં
ગમે તેટલાં વીજળીના બલ્બોનું અજવાળું લટકાવે
એનો કોઈ અર્થ નથી.
એનાથી મને નવી આંખો મળતી નથી
ખળભળતા દરિયા જેવી જાત
ચીતરેલા તળાવમાં ડૂબી ન જાય
એની કાળજી રાખું છું
પણ મારું ખળભળવું કોણ ચોરે છે
એ જાણવા
હું મને નવી આંખો ખુલે એની મથામણમાં છું.
હું કબૂલું છું
કે મને મારા ગોત્રની ખબર નથી
મને મારાં મા–બાપની ખબર નથી
મારી માને જાણ્યા પછી
મારી માનું નામ જાહેર ન કરું
ને લોકો મને જૂઠો ગણે



તો કબૂલ છે મને
કે હું જૂઠો છું.
લોકો મને મા વગરનો ગણે
તો મા વગરનો છું.
મારો જન્મ પુરાવો છે
કે મારે પણ મા છે
મારા મોઢે
મારી માનું નામ બોલાવવાનો શો અર્થ ?
હું માણસનું બીજ છું.
એટલું જ શું પર્યાપ્ત નથી ?
લોકો પોતાના જન્મ ભણી જુએ
ને અનુભવે
કે હું ય કોઇનું સંતાન છું
આબરૂ બચાવવા મથતી મારી જનની
મારા કવચકુંડળ પડાવી નહીં શકે
હું મારી જાતને નિર્વ્યાજ વહેંચું છું.
સાવયવ એકતામાં જીવું છું
બે ધ્રુવને જોડનારો
ત્રીજો ધ્રુવ બનવા મથું છું
એટલે જ હું મારી મરજીથી છેતરાઉં છું
પણ આબરૂ ખાતર
માત્ર મારી મા મને છેતરતી હતી
મને આબરૂ એ
અસમાન દરજ્જો પેદા કરવાનું
નકલી નાણું લાગે છે.
આબરૂ એ
ધૂળમાં રગદોળાતા પગને

પગરખાં સુધી નહીં પહોંચવા દેવા
વાહનમાં ફરનારે બાંધેલો રાજપથ છે.
ડામરની સડક સુધી પહોંચ્યો છું
ને એ જ મારા પગ
વાહનને કીક મારી શકે
તો વાહનમાં ફરનારે બાંધેલો રાજપથ ખુલ્લો થઈ
જન પથ બને.
મારી માએ મારા મા–બાપનું નામ મને જણાવ્યું
ત્યારે જાણી શક્યો
કે મારી માની જેમ
મારે પણ પ્રકૃતિદત્ત ઇચ્છાઓ છે
પણ એને સંતોષવા
શકુનિમામા જેમ પાળેલા પાસા રાખતો નથી
એ ઈચ્છાઓનું જન્મકેન્દ્ર મારામાં શોધું છું
છતાં હરખભેર નહાનારને
હેરાન કરતાં કાલિય નાગને નાથવા
યમુનાના જળમાં દડો ગબડાવે રાખું છું.
લોકોની નજરમાં જુગારી છું
જુગાર મારે માટે
સવિનય કાનૂન ભંગનું આંદોલન છે.
લાલ અને ચોકડી કે કાળી ને ફૂલ્લી
એ હવે 'નરો વા કુંજરો વા'નું અંતર રાખતો નથી
જુગારમાં જે કંઈક મળે છે
તેનો વિવેકપૂર્ણ
ઉપયોગ કે ઉપભોગ કરતાં શીખી લીધું છે
મારી મા જેમ મને પ્રકૃતિદત્ત ઇચ્છાઓ છે
તેમ બીજાને પણ છે તેનું ભાન થયું છે.



મારી માનું 'ઉ' સમજાય છે
બધાંનું 'ઉ' સમજાય છે
એટલે જ હું મારી માને
જાહેરમાં મા કહી શકતો નથી
કે મારા સહોદરને
ભાઈ કહી શકતો નથી.
આ મનોસ્થિતિ
મને જે ક્ષણે જ્યાં હોઉં
ત્યાં ઘર બનાવતાં શીખવી રહી છે.
સગપણની પાર 'નિત્યનો સંબંધ' છે
તેનું ભાન કરાવતી રહી છે
પછી દ્રૌપદીની અનિચ્છાએ
દ્રૌપદી મેળવવાનો શો અર્થ ?
દુર્યોધન કે દુઃશાસનને પક્ષે
બેસવાનું શું પ્રયોજન ?
પ્રપંચના હિમાયતી તરફથી મળતી
અંગદેશની પ્રતિષ્ઠાનો શો અર્થ ?
માની પ્રતિષ્ઠા
દલિતોવંચિતોના ઘર પર બુલડોઝર ફેરવતી રહી છે
ફાઈવસ્ટાર જેવી ઈમારતો બાંધતી રહી છે
અત્યારે મને રસ્તા પર ઊભા ઊભા
કીટલીની ચા પીવાનું વધારે પસંદ છે
ઘરનો ચૂલો ઠરી ગયો હોય
તો મોંઘવારીમાં મસ્કો મારી
'મ્યુચ્યુઅલ અન્ડરસ્ટેન્ડીંગ'ની જાળમાં
સગાભાઇને પણ ફસાવવાનું ફાવતું નથી.
હા, લારી પરના ભાજીપાઉં

કે ભઠિયારગલીના પાયા રોટી
મને વધારે પસંદ છે.
કાં તો કોઈ મિત્ર
ઉમળકાભેર એના રસોડામાં
મારો મૂડો ગોઠવે
તો મારી બાયોલોજીકલ નીડ
બેધડક સંતોષી લઉં
એની સળગતી સિગરેટના
બે ચાર દમ કસીને મારી લઉં
કારણ કે સગપણની પાર
'નિત્યનો સંબંધ' છે એનું ભાન થતું રહ્યું છે
હવે મારી ચેતના
હવા અડે એટલું જ પાંદડા જેમ ફરફરે છે
મંદિરની ધજા ચૂપ હોય
તો હું ઘટાદાર વૃક્ષ હોવા છતાં
ઠૂંઠા જેમ ચૂપ રહી શકું છું
મને પ્રત્યેક આંખોમાં આળોટવું ગમે છે.
મને પ્રત્યેક અવાજમાં લીન થવું ગમે છે
મને પ્રત્યેક સ્પર્શમાં જીવવું ગમે છે
મારા માટલામાં રોજ તાજું જળ ભરાય છે
હું ઇચ્છું કે ન ઇચ્છુ
છતાં ઈતિહાસ સરજાય છે.
હવે મને કોઈ પથરો સમજી ટાંકણે ચડાવે
તો હું ચૂપચાપ હેરાન થઈ જાઉં છું
ગમે તેટલી કનડગત
મને કોઈનો દુશ્મન બનાવી શકતી નથી.
હું પ્રતિષ્ઠાનું બખ્તર પહેરીને લડતો નથી



મારી પાસે માત્ર આચરણોની ઢાલ છે
મને માણસને 'એક્સપોઝ' કરવાનું ફાવતું નથી
મને માણસને 'ઓપન' કરવામાં રસ છે.
હું પુરાવો નહીં પણ પ્રતીતિ શોધું છું
સચ્ચાઇને પારખવા મથતી મારી આંખ
આ પ્રવૃત્તિમાં મારા રૂંવે રૂંવે
નવી આંખો જન્માવશે કે કેમ એની મને ખબર નથી
પણ ટ્રીગર દબાવતી ફીંગર પકડવા મથી રહી છે.
માણુસની વ્યાખ્યા બદલવા મથી રહી છે.
હવે મારો રસ્તો માત્ર સંવેદનશીલતા જ છે
કે જે જાતને વિકસાવવાની ને વિસ્તારવાની કલા છે.
તમે માની ના લેતા
કે માત્ર આ કુંતી–પુત્રની કથા છે
કે માત્ર આ મહાભારતના કર્ણની કથા છે
કે માત્ર આ અર્જુનના પ્રતિસ્પર્ધીની કથા છે
પણ વીસમી સદીના માણુસ નામના વર્ણની વ્યથા છે.
કે જે સંત જેમ આંખ મીંડી કરી ટાંપી બેઠેલા ડાઘિયાઓ વચ્ચે
રોટલા જેમ ઘેરાયેલા માણુસની વ્યથા છે.

૩૧

## આજીવિકા

એના મામા માસીના કોઈએ બજારમાં ખીલો ઠોકચો નથી,
રે કાકા–ફોઈનો કોઈ ખુરશી પર બીરાજેલો નથી.
એના આંબાને ડોનેશનની ડાળખી ફૂટી હોત,
તો એના સંતાનોને યુનેવરસીટીનું પૂંછડું ઊગ્યું હોત.
એ જેની પાસે છે એ જ દૃષ્ટિવાન છે
અને સમરથકો ના દોષ ગોંસાઈ
એ પરંપરાના પૂરમાં તણાતો રહ્યો છે.
વાસ્તવિકતાનાં મૂળિયાં ખોજતી કેટલીય આંખોને એ
પરંપરાએ ભૂખી રાખી છે,

કેટલાય હાથીગજાઓને એણે ઊંટડા બનાવ્યા છે,
તે એ જાણે છે.
પણ રસ્તે જતી ઊંટગાડીનું ઊંટ વારંવાર ભડકે
અને મંદિરે દર્શન કરીને આવતી
એની માને ફ્રેકચર નેક ફ્રેક્ચુર વારંવાર થાય
તો એ કયા ટ્રાફિક સીગ્નલને ફરિયાદ કરે
વળી મૂડીવાદી હડતાલો સાથે તાલ મીલાવતા
દાકતરોને માત્ર પગાર સાથે જ નિસ્બત છે
એવું એ કોને સમજાવે



એય ઇચ્છે છે
કે પોતાના વાહનમાં લઈ જઈ
કોઈ ખાનગી સર્જીકલ હોસ્પિતાલનાં સ્પેશયલ રૂમમાં મારી
માને દાખલ કરું
પણ સ્પેશયલ રૂમ એ રાહત કેમ્પ નથી
કે નથી સામાંજિક સેવાઘર.
એ તો છે સામાજિક પરસેવા પર ઊભી થયેલી ખાનગી દિવાલો
જે દિવાલો વચ્ચે યુનીવરસીટીનું પુંછડું પકડી
તર્યા કરતી એકલપેટી ખુરશીઓ
બજારમાં ખીલો ઠોકતી બીલ્ડીંગોના માળ વધારે છે.
એ નીચું જૂએ છે પણ થૂંકવા માટે

બીડી વાળનાર હાથોનું મૂલ્ય જ્યાં બીડી વેચનાર કરતો હોય
ત્યાં કઈ વિદ્યા બીડી વાળનારની ભાડૂતી ખોલીના ખૂણામાં
પડેલી તૂટેલી ખાટલીને ડબલબેડમાં ફેરવી શકે !
કઈ વિદ્યા બીલ્ડીંગોમાં ગોઠવાયેલી ખુરશીમાં એને ગોઠવી શકે ?
એનેય રાજપરિવર્તન માટે એ ખુરશીઓને
તડકો હુલાવવા નીકળી પડવું છે
પણ એ ફાજલ સમય મેળવી શકતો નથી.
કારણ કે એને ઘરડી મા છે
રિવાજોમાં રચ્યો પચ્યો પરિવાર છે
એ ઘેરથી નીકળે છે ત્યારે ઘરનાં બધાં ઊંઘતાં હોય છે.
એ ઘેર આવે છે ત્યારે ઘરનાં બધાં ઊંઘતાં હોય છે.

…ાલી
રાણીપ
અમદાવાદ

૩૨

## નિર્વેદ

જાઉં...
પણ કોની કને ?
પલવાર ના
નિજ સંગ પણ ફાવે મને.

મારે
મારી બ્હાર નીકળવું,
પણ ક્યાંય ના એકાદ બારી ઊઘડે
ને સાયરનલોહાણ હું
પલપલ ચણાતો જાઉં મારામાં.

ક્યાં જાઉં
જ્યાં જાઉં ત્યાં
બસ હું મને ભોંકાઉં.



થોડાક મિત્રોએ ભેગા થઈ 'તોડફોડ' નામનું અનિયતકાલીન શરૂ કર્યું. તેમાં સાહિત્ય–પરિષદ સાથે સીધા સંઘર્ષમાં ઊતરવું પડ્યું. એકાદ વર્ષ પછી આર્થિક સંજોગોને વશ થઈ એ પ્રવૃત્તિ પણ બંધ કરવી પડી.

'૮૧ના અનામત વિરોધી તોફાનો અને છાશવારે થતા કોમી હુલ્લડો દલિત તેમજ લઘુમતી કોમ પર હાવી બનવાની સમાજના સ્થાપિત વર્ગોની યોજનાઓ લાગી. એ સમય દરમિયાન ભીન્ન ભીન્ન માનસિકતા ધરાવતા માનવસમૂહોનું અસ્તિત્વ સમાજની સપાટી પર આવ્યું. હુંય મને વૈચારિક દૃષ્ટિએ અનુકૂળ પડ્યું એવા માનવસમૂહમાં જોડાયો. દલિત કવિઓ અને સંઘર્ષ સાહિત્ય સંઘની પ્રવૃત્તિ શરૂ કરી. પૈસાના અભાવને કારણે સંસ્થાનું મુખપત્ર શરૂ ન કરી શકાયું. એ પ્રવૃત્તિ ય મંદ પડી. એ દરમ્યાન 'સેતુ'માં નોકરી મળી. કર્મશીલો અને સંઘર્ષશીલોને નરી આંખે જોવાનો મોકો મળ્યો. આજીવિકાના સાધન તરીકે મનગમતી પ્રવૃત્તિ મળી, પણ સંજોગોવશાત છીનવાઈ ગઇ.

પેટનો પ્રશ્ન ઉકેલવા જીવનભર રઝળતો રહ્યો એ રઝળપાટમાં જે કંઈ જીવાયું, છૂટુછવાયું વંચાયું, અને જે પ્રતીત થયું એ કવિતા સ્વરૂપે વ્યક્ત થયું. એનો આ સંગ્રહ છે. સામાજિક તર્કને કીક મારવામાં આ સંગ્રહ જેટલો સફળ થાય એટલું જ એનું મૂલ્ય સમજું છું.

કૃતિ, કવિલોક, વૈશાખી, કુમાર, હું, તોડફોડ, આહ્વાન, દલિતમિત્ર, આપણું સાહિત્ય, નયા માર્ગ તેમજ સર્વનામ જેવા સામયિકોમાં છપાયેલી રચનાઓ પૈકી જે સરળ પ્રયાસે હાથવગી થઈ એમાંથી આ સંગ્રહ માટે પસંદ કરી છે. વનપ્રવેશના નાકેથી આ રચનાઓ તરફ જોઉં છું તો એમાં ક્યાંક ક્યાંક અન્ય પ્રત્યે લાગણી, પૂર્વગ્રહ જેવા છીછરા ભાવો દેખા દે છે. મારી આ અધૂરપને કારણે આ સંગ્રહ મારા જીવનનું અલ્પવિરામ બને એવી અપેક્ષા રાખું છું.

મૌન બલોલી
૫૯, બલોલનગર રાણીપ
અમદાવાદ

જણાવવાનું કે –



ના રાજ જોઈએ ન મારે તાજ જોઈએ
માણસને શોભે એવો મિજાજ જોઈએ.

બાપાના મૃત્યુ પછી જુગાર છોડી દઈ, ૯૦ વર્ષના ભા (બાપાના બાપ) અને બે વર્ષના દીકરાનો હાથ પકડી સરસપુરમાં બાપાએ ભાડે રાખેલી ઓરડીમાં ગોઠવાયો. કાપડની દુકાનમાં ખાલી પડેલી બાપાની જગા પર બેઠો. જીવન નિયમિત બન્યું એવું લાગ્યું એટલે ઉર્સ અને સંદલમાં સાંભળેલી કવ્વાલીઓ અને જયાફતના કારણે થતા તવાયફના નાચ જોવા જે કુમારવયે જતો એણે મારામાં શાયર થવાની ઝંખના જગવી હતી. એ ઝંખનાને ... કુમાર કાર્યાલયની (૧૯૬૮માં) ભાળ આપી.

મારી પારિવારિક જરૂરિયાતો વધતાં મારા શેઠ પાસે પગાર વધારવાની માગણી કરી, પગાર ન વધ્યો. ફરી પાછો જુગારી બન્યો.

ભણતા અને સાહિત્યમાં રસ ધરાવતા યુવાન મિત્રોના પરિચયમાં આવ્યો. મોટાભાગના એ મિત્રો એક જ કૉલેજમાં ભણતા હતા. એમની સાથે 'હું' ('હું' એ સર્વનામ છે એકવચન નથી) નામનું સાયક્લોસ્ટાઈલ અનિયતકાલીન (૧૯૭૧) શરૂ કર્યું ભણતા મિત્રો સ્નાતક થઈ જુદી જુદી દિશામાં વળ્યા. મળવાનું અનિયમિત બન્યું એની અસર પ્રવૃત્તિ પર પડી. નવનિર્માણ આંદોલનમાં એમાંના મોટાભાગના મિત્રો પોતપોતાના દૃષ્ટિકોણથી સામેલ હતા. એલ. ડી. એન્જીનિયરીંગનું ફૂડબીલ અને મુખ્યમંત્રી વચ્ચે સંબંધ છે એની પ્રતીતિ એ આંદોલનને કરાવી.